<u>રેગ્યુલર દીવાની દાવા નં. ૫૫/૨૦૧૪</u>

<u>આંક– ૧ લગત હુકમ</u>

– સદર કામે વાદીએ પ્રતિવાદીઓ સામે દાવો દાખલ કરેલ છે. વાદી તર્ફે પ્રતિવાદી નં.૨ ના વારસદારો જોડવા સારૂ થયેલ વિલંબ માફ કરવા આંક–૮૪ થી અરજી આપેલ જે અરજી કોસ્ટ સાથે મંજુર કરવામાં આવેલ પરંતુ સદર કામે આજદિન સુધી કોસ્ટની રકમ જમા કરાવવામાં વાદી સદંતર નિષ્ફળ રહેલ છે. આ કામે દાવો ઘણો જુનો હોઈ, પક્ષકારો હાજર રહેતા ન હોઈ, પક્ષકારોને નોટીશ ઈસ્યુ કરતા આ કામના પ્રતિવાદીઓ મરણ ગયેલ હોવા અંગેના બેલીફ શેરા સાથે પરત આવેલ છે. એટલે કે રેકર્ડ ઉપર પ્રતિવાદીઓ મરણ ગયેલાની હકીકત આવેલ હોવા છતાં પ્રતિવાદીના વારસો વાદીએ કાયદાની જોગવાઇ મુજબ લાવવા જોઇએ. પરંતુ આજદિન સુધી વાદી તરફે પ્રતિવાદીના વારસો રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. સદર દાવો મિલ્કત વહેંચણીનો છે. આ સંજોગોમાં વાદીનો હાલનો દાવો સી.પી.સી. ઓ–૨૨, રૂલ–૪ મુજબ એબેટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

– ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

હુકમ આજ રોજ તા. **૨૦મી,** માહે **જૂન,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૦/૦૬/૨૦૨૬
સિધ્ધપુર.

**(જયશ્રીબેન શિવાભાઈ સુતરીયા)**
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,
સિધ્ધપુર.
કોડ નં.જીજે–૦૦૮૭૭